# જાહેરનામુ

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંકઃગ/ઉપક/ ૬૭૦ /૨૦૦૮. તા.૨૬/૩/૨૦૦૮.**

આ કચેરીના હુકમ ક્ર.ગ/ઉપક/૧૫૭/૨૦૦૪ તા.૧૬.૧૧.૦૪થી અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના વિસ્તારમાં તમામ પ્રકારના ભારે અને મધ્યમ વાહનો (મોટર વાહન અધિનિયમ ૧૯૮૮ હેઠળ નક્કી કરેલા વાહનોને(લિકઝરી બસો) સવારે કલાક.૯.૦૦ થી રાત્રીના કલાક.૨૧.૦૦ સુધી અવરજવર કરી શકશે નહીં.તદુપરાંત સુભાષબ્રીજ સર્કલ, સાબરમતી આશ્રમ, ઇન્કમટેક્ષ સર્કલ, પાલડી, વાસણા, વિશાલા સર્કલ સુધી ભારે અને મધ્યમ પ્રકારના વાહનો સવારના કલાક.૭.૦૦ થી રાત્રીના કલાક.૨૨.૦૦ સુધી અવરજવર કરી શકશે નહીં.આ જાહેરનામું હાલ અમલમાં છે.

મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨ માં) કલમ.૩૩(બી) આધારે મળેલ સત્તાની રુએ હું એસ.કે.સાઇકીયા પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર, અમદાવાદ નરોડા માર્ગ ઉપર ટ્રાફિક સતત જામ થતો હોય તથા આ રોડ ઉપર બી.આર.ટી.એસ.નું કામ ચાલુ હોય વાહનવ્યવહાર સરળતાથી ચાલે તે હેતુસર નીચે મુજબનો હુકમ કરવા માંગુ છે.

**હુકમ :-**

૧.નારોલ સર્કલથી અસલાલી સર્કલ, સરદાર પટેલ રીંગરોડ ઉપર થઇ નાના ચિલોડા થઇ હિમ્મતનગર તરફ અવરજવર કરી શકશે.

ઉપરોક્ત હુકમ સવાર કલાક.૯.૦૦ થી રાત્રીના કલાક.૨૧.૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે અને આ હુકમ એસ.ટી.કોર્પોરેશન, એ.એમ.ટી.એસ., ફાયરબ્રીગેડ, અમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને જાહેરસેવાની કામગીરી દરમ્યાન લાગુ પડશે નહીં.

આ કચેરી તરફથી આજથી દિવસ.૩૦ સુચિત જાહેરનામાના સમર્થનમાં/વિરોધમાં તથા સુધારા/વધારા માટે સુચનો મંગાવવામાં આવે છે.આપેલ સમયમર્યાદાની અંદર નાગરીકો તરફથી પ્રાપ્ત જનમત અંગે વિચારણા કરી આખરી જાહેરનામું બહાર પાડવામાં આવશે.

તા.૨૬/૩/૨૦૦૮
અમદાવાદ.

(એસ.કે.સાઇકીયા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સ.રવાના :-**

૧.જનસંપર્ક અધિકારીશ્રી, કંટ્રોલરુમ, અમદાવાદ શહેર.
૨/- જાણસારું દૈનિક પત્રોમાં, દુરદર્શન તથા આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારું.

**નકલ રવાના :-**

૧. તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર.
૨. તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર.
૩. તમામ પો.ઇન્સ.શ્રી ____________ અમદાવાદ શહેર.
૨/- જાણસારું તેમજ પો.સ્ટે.વિસ્તારમાં જાહેરાત માટે.
૪. મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફિક શાખા, અમદાવાદ શહેર.(૮ નકલ)
૨/- ટ્રાફિક મોબાઇલ વાન દ્વારા જાહેરનામાની જાહેરાત કરવા સારું.